ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જુના અને જર્જરીત થઈ ગયેલા બ્લોકના ભોંયતળીયાનું કામ ચાલી રહ્યું છે. જેથી દર્દીઓને આવતા-જતા માથામાં કોઈ ઈજા પહોંચે નહી તેની પણ તકેદારી લેવાઈ છે. તેના માટે તંત્ર દ્વારા ખાસ કર્મચારીઓ મુકવામાં આવ્યા છે. ઈમારતનું મરામતનું કામ ચાલુ હોવાથી દર્દીઓને નવા બિલ્ડીંગ તરફ જવા માટે ખાસ ધ્યાન રાખીને જવું પડે છે.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

મારા પક્ષપલટા માટે ખોટું ન લગાડશો... આ લોકોના પ્રેમભાવના લીધે પક્ષમાં જોડાઈ ગયો...

આજથી મહાત્મા મંદિર ખાતે વ્હેલ શાર્ક કોન્ફરન્સનો શુભારંભ

બે દિવસીય કોન્ફરન્સમાં વ્હેલ શાર્કના સંરક્ષણ અંગે ચર્ચા થશે : ભારતમાં પ્રથમવાર દરિયાઈ જીવસૃષ્ટિ અંગે આંતરરાષ્ટ્રીય પરિષદ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ૧૪ અને ૧૫ માર્ચના રોજ વ્હેલ શાર્ક રિજિયોનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતભરમાં સૌ પ્રથમ વખત દરિયાઈ જીવસૃષ્ટિ બાબતે આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ રહી છે. મહાત્મા મંદિર ખાતે યોજાનાર બે દિવસીય વ્હેલ શાર્ક કોન્ફરન્સમાં એન્ડ્રોઈડ બેઝડ મોબાઈલ એપ્લીકેશન "વ્હાલી વોચર" લોન્ચ કરાશે. આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં અરબી સમુદ્ર સરહદે આવેલા દેશોના વૈજ્ઞાનિક, સંરક્ષણ અને કાયદા અમલીકરણ મંચના નિષ્ણાતોની વિશેષ ઉપસ્થિતિ રહેશે. વ્હેલ શાર્ક સંરક્ષણ કાર્યયોજના અને સંચાલન માળખાને વધુ વિકસાવવાના પ્રાથમિક હેતુસર આ આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે.

વૈશ્વિક સ્તરે વ્હેલ શાર્કની ઘટી રહેલી વસ્તીને કારણે તેના સંરક્ષણ કાર્ય યોજનાઓ બનાવવી જરૂરી છે. જો કે વ્હેલ શાર્કને બચાવવા સંરક્ષણ મોડેલ તૈયાર કરવાની પહેલ અરબી સમુદ્ર અને બંગાળની ખાડીની સાથે ઘણા દેશોમાં કાર્યરત છે અને તે દિશામાં પ્રયત્નશીલ છે. વ્હેલ શાર્ક સંહરક્ષણ ભારતમાં વર્ષ ૨૦૦૪થી વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા અને ટાટા કેમિકલ્સ લિમિટેડના સહયોગથી ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા અમલમાં છે. આ યોજનાના અમલીકરણથી દરિયાઈ કાંઠાના સમુદ્રી જીવોની મોટી સંખ્યામાં કતલ કરતા હતા તે જ માછીમાર સમુદાય વહેલ શાર્કના સંરક્ષક તરીકે ઉભરી આવ્યા, જે આ યોજનાની સફળતા કહી શકાય. છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતના માછીમારોએ લગભગ ૭૦૦ જેટલી વ્હેલ શાર્કને બચાવે છે જે ગૌરવની વાત છે. આ કામગીરી દરમિયાન માછીમારોની નેટ(જાળી)ને થયેલા નુકસાનના વળતર ચૂકવવામાં પણ સરકારનો મોટો ફાળો છે.

ગાંધીનગર ખાતે યોજાનાર આ બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદમાં વ્હેલ શાર્કની હાલની વસ્તીની સ્થિતિ અને તેની બચાવ કામગીરી તથા જાળવણી સહિતના વિવિધ મુદ્દા ઉપર ચર્ચા થશે. આ કાર્યક્રમમાં એન્ડ્રોઈડ બેઝડ મોબાઈલ એપ્લિકેશન "વ્હાલી વોચર" લોન્ચ કરવામાં આવશે. માછીમારી દરમિયાન વહેલ શાર્કની સ્થિતિ જાણવા આ એપ ઉપયોગી નીવડશે.

ચિલોડા પંથકમાં બટાકાનું બમ્પર ઉત્પાદનમાં જૈમિન પટેલ અગ્રેસર

૧ કિલો કદના જમ્બો બટાકા અને વીઘે ૫૫૦ મણનું વિક્રમજનક સારૂ ઉત્પાદનથી ખેડૂતોમાં ખુશી

ચિલોડા, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ઘઉં અને બટાકાનું સારૂ એવુ વાવેતર કર્યુ હતુ. ત્યારે આ વર્ષે શિયાળાની મોસમમાં ખૂબ જ અનુકૂળ વાતાવરણ પાકને માફક આવતાં બટાકાના પાકને વધુ ફાયદો થયો છે. હાલમાં ખેડૂતો દ્વારા બટાકા કાઢવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. થોડાક સમય પહેલાં વાતાવરણમાં ઓચિંતો ફેરફાર થતાં ખેડૂતોમાં ચિતાનું મોજુ ફરી વળ્યુ હતુ. પરંતુ હાલમાં ચિલોડા પંથકમાં ઈસનપુર મોટા, શિવપુરા કંપા, મગોડી, ગામોના ખેડૂતો બટાકા કાઢવાની કામગીરીમાં જોતરાયા છે. ત્યારે ચિલોડા ગામના વતની અને ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેન, તાલુકા ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર પ્રગતિશીલ ખેડૂત જૈમિન પટેલ દ્વારા પોતાની ૧૫ વિઘા જમીનમાં બટાકાની ખેતીમાં સારી જાતનું બિયારણ સાન્તાના ઈસ્કોન બાલાજી કંપની વાવેતર કર્યુ હતુ. ખેડ ખાતર પાણીની માવજતથી ખેતી કરતા જૈમિનભાઈ પટેલે અનુકૂળ વાતાવરણ સાથે ૧ વીઘામાંથી ૫૦૦ મણથી વધુ ઉત્પાદન મેળવવામાં અગ્રેસર રહ્યાનો અહેસાસ કરી રહ્યા છે. આમ બટાકાની સાઈઝમાં તમામ ઉત્પાદન ૧ કિલોના વજનના જમ્બો બટાકાનુ ઉત્પાદન થતાં વિક્રમજનક ખેત આવક મેળવવાના યશભાગી બનતા આનંદિત મહેસુસ થઈ રહ્યો છે. આમ આ બટાકાનો પાક હાલમાં વિવિધ રાજયોમાં મુખ્ય કેન્દ્રમાં અગાઉથી ૧૭૫ રૂ. મણના ભાવે વેચાણ કરી ખેતઉત્પાદનમાં વિશેષ આવક મેળવી વધુ સારૂ ઉત્પાદનની આશા પૂર્ણ થતાં ખેડૂતમિત્રો મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી રહ્યા છે.

દિવ્યાંગોના ધરણા : સત્યાગ્રહ છાવણી, સેક્ટર-૬ ખાતે ગુજરાત દિવ્યાંગ અધિકાર મંચ ગુજરાત પ્રદેશ દ્વારા પડતર માંગણીઓ માટે બુધવારે ધરણાંનો કાર્યક્રમ યોજાયો હતો. વારંવાર રજૂઆત છતાં દિવ્યાંગોની માંગણીઓ તંત્રમાં બહેરા કાને અથડાતી હોવાથી દિવ્યાંગ અધિકાર મંચના અગ્રણીઓએ ધરણાં યોજયા હતા.

હિલવડુ સ્કુલમાં પરીક્ષાર્થીઓને પરેશાની પૈસા અને પેડ લઈ જવા દેવાતા નથી

રોષે ભરાયેલા વાલીએ આ મામલે સ્થાનિક પોલીસ અને શિક્ષણમંત્રીને રજુઆત કરી

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરની હીલવુડ સ્કુલમાં સી બી એસ સી બોર્ડના વિદ્યાર્થીઓને પૈસા તેમજ ટ્રાન્સપેરન્ટ પેડ પણ લઈ જવામાં દેવામાં ન આવતા પરીક્ષાર્થીઓ અને વાલીઓ મુંઝવણમાં મુકાયા હોવાની રજુઆત શિક્ષણમંત્રીને કરવામાં આવી છે.

ગુજરાત બોર્ડની સાથે સી બી એસ સી બાર્ડની પરીક્ષા પણ હાલ ચાલી રહી છે. ત્યારે ગાંધીનગરની હીલવુડ સ્કુલ દ્વારા પરીક્ષાર્થી પાસેથી રૂપિયા કઢાવી શાળાની બહાર મુકાવાની ફરજ પાડવામાં આવતી હોવાનો રોષ વાલીઓમાં પ્રબળ બન્યો છે. જયારે આ મામલે શિક્ષણમંત્રીને પણ ફરિયાદ કરવામાં આવી રહી છે. જયારે આ શાળાના સંચાલકો દ્વારા પરિક્ષાર્થીને ટ્રાન્સપરન્ટ પેડ અને સાદી કાંડા ઘડીયાળ લઈ જવા દેતા નથી. આ મામલે પરીક્ષાર્થીના વાલી અમિત દવેએ સ્થાનિક પોલીસને મૌખિક તેમજ શિક્ષણમંત્રીને લેખિત ફરિયાદ કરી છે. જે અન્વયે સેન્ટ્રલ બોર્ડ દ્વારા હાલ સી બી એસ સી દ્વારા ધો -૧૦ની પરીક્ષા લેવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓની કારર્કિદી માટે અગત્યની આ પરીક્ષામાં કોઈ ગેરરીતી ન થાય તે માટે શાળા સંચાલકોને સુચના આપવામાં આવી છે.પરંતુ શાળા સંચાલકો તેનુ અર્થઘટન મનસ્વી રીતે કરી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ માટે મુંઝવણ ઉભી કરી રહ્યા છે. સે-૨૬ સ્થિત હીલવુડ સ્કુલમાં વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પારદર્શક પેડ લઈ જવા દેવામાં આવતુ નથી. પરીક્ષાર્થીઓને પોતાના કાંડા પરથી સાદી ઘડીયાળ પણ ઉતારવાનો વારો આવે છે.એટલુ જ નહી પરીક્ષાર્થીઓને ભાડા ખર્ચ પેટેના પૈસા પણ સાથે લઈ જવા દેવાતા નથી તેમ પણ રજુઆતમાં જણાંવાયુ છે. આ રૂપિયા શાળાની બહાર મુકવાની ફરજ પાડી તેની કોઈ રસીદ પણ આપવામાં આવતી નથી. આ મામલે વાલીઓમાં આકોશ પ્રવર્તયો છે.જયારે આ અંગે વાલી અમિત દવેએ શિક્ષણમંત્રીને ફરિયાદ કરી છે.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીની રાજકીય પક્ષોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. આજરોજ મળેલ બેઠકમાં મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલવારી અને ચૂંટણી ખર્ચના હિસાબો અંગેનું માર્ગદર્શન રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને આપવામાં આવ્યું હતું. તેમજ ચૂંટણી પ્રક્રિયામાં વિવિધ ચીજવસ્તુઓના તથા અન્ય ભાવો નક્કી કરવા રાજકીય પક્ષોના પ્રતિનિધિશ્રીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, મુક્ત- ન્યાયી અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર ચુંટણી પ્રક્રિયામાં મતદારની ભૂમિકા ખૂબ જ મહત્વની હોય છે. જેથી કોઈ મતદારનું નામ મતદાર યાદીમાં ન હોય કે મતદાર યાદીમાં કોઈ અન્ય ક્ષતિ જણાય તો તે અંગેનું ધ્યાન દોરવા પણ રાજકીય પક્ષના પ્રતિનિધિઓને જણાવ્યું હતું. ઈ.વી.એમ.થી કેવી રીતે મતદાન કરી શકાય તેમજ વી.વી.પેટ.માંથી કોને મત આપ્યો કેમ જાણી શકાય તથા સ્લીપ કેવી રીતે નીકળે તે અંગેની જાગૃતિ આપતાં નિર્દશનો વિવિધ જગ્યાએ કરવામાં આવ્યા છે. મતદાન એ મતદારનો અધિકાર છે અને લોકશાહીમાં મતદાન મૂલ્યવાન છે, તેવું કહી જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, કોઈ મંડળ, સોસાયટી કે બિન રાજકીય લોકોને ઈ.વી.એમ. અને વી.વી.પેટ. અંગેની માહિતી સામૂહિક જોઈતી હોય તો પણ જિલ્લા તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાએ ચૂંટણી દરમ્યાન સભા, સરઘસ કે અન્ય મંજૂરીની પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવા માટે શરૂ કરવામાં આવેલી ઓનલાઈન સુવિધા એપની વિસ્તૃત માહિતી આપી હતી.

લોકસભા : ચૂંટણી પંચ એક્ટિવ, પગલાં લેવાના આદેશ

ઈલેક્શન કાઉન-ડાઉન

લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે રાજયમાં આદર્શ આચારસંહિતા લાગુ પડતાં તેના ચુસ્તપણે પાલન માટે જિલ્લાનાં વહીવટીતંત્રને સૂચનાઓ આપી છે, એ ઉપરાંત નોડલ અધિકારી, ફ્લાઈંગ સ્કવોડ, વીડિયો સર્વેલન્સ ટીમ, વીડિયો વ્યૂઈંગ ટીમ કાર્યરત કરવામાં આવી છે.

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી ડો. એસ. મુરલી કિષ્ણાએ જણાવ્યું હતું કે પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત બાદ તાત્કાલિક ધોરણે સમગ્ર રાજયમાં ૫૬૩ ફ્લાઈંગ સ્કવોડ, ૩૭૮ વિડિયો સર્વેલન્સ ટીમ, ૨૦૭ વિડિયો વ્યુઈંગ ટીમ અને ૨૬ હિસાબી ટીમ કાર્યરત કરવામાં આવી છે. આ સર્વે ટીમ દ્વારા રાજકીય પક્ષ અને ઉમેદવારના ચૂંટણી ખર્ચ પર દેખરેખ રાખવામાં આવશે. રાજયના ૧૧ એરપોર્ટ પર આવકવેરા વિભાગ દ્વારા એર ઈન્ટેલિજન્સ યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે.

ચૂંટણી ખર્ચ નિયંત્રણ માટે પોલીસ, રાજય આબકારી અને નશાબંધી તેમજ આવકવેરા વિભાગના રાજય કક્ષાના નોડલ અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે. લોકસભા બેઠકના દરેક ભાગ દીઠ મદદનીશ ખર્ચ નિરીક્ષકની નિમણૂંક કરવામાં આવી છે.

મતદાન મથકોથી વેબ કાસ્ટીંગ કરાશે

રાજયના ચૂંટણી તંત્ર દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૯ દરમિયાન પારદર્શી રીતે મતદાન કરી શકે તે માટે આધુનિક ટેક્નોલોજીનાં ઉપયોગથી અનેકવિધ પગલાં લેવામાં આવ્યા છે. જેના ભાગરૂપે રાજયનાં ચૂંટણી તંત્ર દ્વારા અંદાજિત ૫૦૦૦ થી ૫૫૦૦ મતદાન મથકો ખાતેથી લાઈવ વેબ કાસ્ટીંગ કરવામાં આવશે.

૬૦ હજાર હૉર્ડિંગ્સને દૂર કરાયા

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ની જાહેરાત બાદ લાગુ પડેલી આદર્શ આચારસંહિતાનાં ભાગરૂપે રાજયભરમાંથી ૬૦,૬૪૩ જેટલાં બેનર્સ, હોર્ડિંગ્સ, પોસ્ટર્સ, દિવાલ પરનાં લખાણો અને ધજા-પતાકાને દૂર કરવામાં આવ્યા છે.

જાહેર ઈમારતો પરથી કુલ ૫૬,૪૫૭ તેમજ ખાનગી ઈમારતો પરથી કુલ ૪૧૮૬ એમ કુલ ૬૦,૬૪૩ બેનર્સ, હોર્ડિંગ્સ, પોસ્ટર્સ, દિવાલ પરનાં લખાણો અને ધજા-પતાકાને તાત્કાલિક ધોરણે તંત્ર દ્વારા દૂર કરવામાં આવ્યા છે.

આદર્શ આચાર સંહિતાનાં અમલ માટે તમામ ૩૩ જિલ્લાઓમાં રાઉન્ડ ધ ક્લોક – ૨૪ ૭નાં ધોરણે કંટ્રોલ રૂમ ટોલ ફ્રી નંબર ૧૯૫૦ શરૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, C-VIGIL મોબાઈલ એપ્લિકેશન દ્વારા મળતી ફરિયાદો તાત્કાલિક ધોરણે દૂર કરવા જિલ્લા કક્ષાએ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

કાયદો અને વ્યવસ્થાનાં પગલાં

ચૂંટણીઓ જાહેર થયા બાદ રાજયમાં ૧૦,૦૨૩ જેટલાં હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવાયા છે. તેમજ રાજયમાં ચૂંટણીની જાહેરાત પછી ૩૯૭૦ બિનજામીનપાત્ર વોરંટ બજાવવામાં આવ્યા છે. જયારે ૩૦૭૪ વ્યકિતઓ સામે સીઆરપીસી હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવ્યાં છે. આચારસંહિતા લાગુ થયા બાદ પોલીસ તંત્ર દ્વારા આશરે રૂ.૬૭.૮૫ લાખનો ૨૧,૮૮૫ લિટર દારૂ જપ્ત કરવામાં આવ્યો છે.

ઓળખપત્ર સિવાય ૧૧ દસ્તાવેજો માન્ય

ભારતના ચૂંટણીપંચના ૨૮.૦૨.૨૦૧૯ ના હુકમથી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ માટે મતદાન મથકે મતદારની ઓળખ માટે રજુ કરી શકાય તેવા દસ્તાવેજોની યાદી જાહેર કરી છે. આયોગે નિર્દેશ કર્યો છે કે જે મતદારોને મતદાર ફોટો ઓળખકાર્ડ આપવામાં આવ્યા છે તેવા દરેક મતદારોએ મતદાન મથકે પોતાનો મત આપતા પહેલાં ઓળખ માટે આ મતદાર ફોટો ઓળખકાર્ડ રજુ કરવાનું રહેશે.

જે મતદારો પોતાનું મતદાર ફોટો ઓળખકાર્ડ રજૂ કરી શકે તેમ ન હોય તેઓએ પોતાની ઓળખ માટે નીચેના દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજુ કરવાનો રહે છે: જેમાં (૧) પાસપોર્ટ, (૨) ડ્રાઈવિંગ લાઈસન્સ, (૩) કેન્દ્ર કે રાજય સરકાર, જાહેર ક્ષેત્રના એકમો, પબ્લિક લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને આપેલા ફોટા સાથેના સેવા ઓળખકાર્ડ, (૪) બેંક કે પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવેલ ફોટો સાથેની પાસબુક, (૫) પાનકાર્ડ, (૬) એન.પી.આર. હેઠળ રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલું સ્માર્ટ કાર્ડ, (૭) નરેગા જોબકાર્ડ, (૮) શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલું આરોગ્ય વીમા કાર્ડ સ્માર્ટ કાર્ડ, (૯) ફોટો સાથેનો પેન્શન દસ્તાવેજ, (૧૦) સંસદસભ્ય, ધારાસભ્ય અથવા વિધાનપરિષદના સભ્યોને આપવામાં આવેલ ફોટો ઓળખ કાર્ડ અને (૧૧) આધાર કાર્ડ નો સમાવેશ થાય છે. મતદારે મતદાન મથકે પોતાની ઓળખ સાબિત કરવા ઉકત પૈકી કોઈ એક પુરાવો અચૂક રજૂ કરવાનો રહેશે.